# ઇવેન્ટ મેનેજર (કાર્યક્રમ વ્યવસ્થાપક)

ઈવેન્ટ મેનેજર, લગ્ન, બિઝનેસ મીટ, સંમેલનો વગેરે જેવા નાના થી લઈને મોટા કાર્યક્રમોનું આયોજન કરવા માટે જવાબદાર હોય છે. તેઓ સુનિશ્ચિત કરે છે કે સમગ્ર કાર્યક્રમ સરળતાથી ચાલે છે અને જો કોઈ સમસ્યાઓ સર્જાય તો તેનું નિરાકરણ લાવે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને ટીમમાં કામ કરવું ગમે છે
- તમને વસ્તુઓ આયોજનબદ્ધ રીતે એકત્ર કરવી ગમે છે
- તમે વિગતો પર ધ્યાન આપો
- તમે સાવચેતીપૂર્વક અને સુયોજીત રીતે કામ કરનાર વ્યક્તિ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૪૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. ઈવેન્ટ મેનેજમેન્ટ/હોટેલ મેનેજમેન્ટ/હોસ્પિટાલિટી મેનેજમેન્ટ/બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

ઈવેન્ટ મેનેજમેન્ટ/હોટેલ મેનેજમેન્ટ/હોસ્પિટાલિટી મેનેજમેન્ટ/બિઝનેસ એડમિનિસ્ટ્રેશનમાં સ્નાતકની ડિગ્રી બાદ, તે જ અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઈવેન્ટ મેનેજરનું અંદાજીત માસિક વેતન
રૂ. ૧૬,૦૦૦ થી ૩૩,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત : https://bit.ly/3XnTiVK

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઈવેન્ટ મેનેજમેન્ટ સંસ્થાઓ, હોટેલ્સ અને બેન્ક્વેટ્સ હોલ, વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમારે ટીમનું સંચાલન કરવાનું બને તેવી શક્યતા છે. આ કામગીરીમાં મુસાફરી કરવી પડી શકે છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. આ સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઈ શકે છે. જ્યારે જરૂરિયાત ઊભી થાય ત્યારે તમારે વધુ કલાકો કામ કરવું પડે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

મીટીંગ, કોન્ફરન્સ અને ઈવેન્ટ પ્લાનર → ટીમ લીડર → ઈવેન્ટ મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

મીટીંગ/કોન્ફરન્સ/ઈવેન્ટ પ્લાનર, કોન્ફરન્સ કોઓર્ડિનેટર, ઈવેન્ટ કોઓર્ડિનેટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.એમ., અમદાવાદ
૨. એમ.એસ.યુ., વડોદરા
૩. આઈ.આઈ.એમ., બેંગલુરૂ
૪. ઈ.ડી.આઈ.આઈ., ગાંધીનગર
૫. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશિયલ એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, કોલકાતા
૬. તમિલનાડુ ઓપન યુનિવર્સિટી, ચેન્નાઈ
૭. શહીદ સુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૮. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે શું સંસ્થા યુજીસી સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૨. નેશનલ એકેડમી ઓફ ઈવેન્ટ મેનેજમેન્ટ એન્ડ ડેવલપમેન્ટ, મુંબઈ
૩. નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈવેન્ટ મેનેજમેન્ટ, નવી દિલ્હી
૪. ઈમ્પેક્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈવેન્ટ મેનેજમેન્ટ, નવી દિલ્હી
૫. એમિટી સ્કૂલ ઓફ કોમ્યુનિકેશન
૬. સ્કૂલ ઑફ બિઝનેસ, યુનિવર્સિટી ઑફ પેટ્રોલિયમ એન્ડ એનર્જી સ્ટડીઝ, દેહરાદૂન
૭. અજીંક્ય ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૮. એસ.એસ.સી.સી.એમ., ભાવનગર

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.swayam2.ac.in/nou23_ge04/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**એલિસ પ્રિસ્ટલી એ**

વંદના મોહન દેશની પ્રથમ મહિલા ઈવેન્ટ મેનેજર છે. તેણીની કંપની બેકસ્ટેજ પ્રોડક્શન્સ (હવે ધ વેડિંગ ડિઝાઈન કંપની) પણ પ્રથમ ઓલ-ફિમેલ ઈવેન્ટ-મેનેજમેન્ટ કંપની છે. તેમણે પોલિટિકલ સાયન્સમાં સ્નાતકની પદવી હાંસલ કરેલ છે. વંદના મોહને અત્યાર સુધીમાં ૫૦૦થી વધુ લગ્ન સંમારંભોનું આયોજન-વ્યવસ્થાપન કર્યું છે. ★

છે.*

સ્રોત : https://the-dots.com/users/alice-priestley-224817

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.